# વિશ્વ ન્યાય મંદિર

૧૦ જુલાઈ ૨૦૧૪

વિશ્વના બહાઈઓને,

પરમ પ્રિય મિત્રગણ,

૨૦ માર્ચ ૨૦૧૫ નો સુર્યાસ્ત ૧૭૧માં બહાઈ વર્ષના સમાપનનો સંકેત આપશે, જે બહાઈ યુગના પહેલા કુલ્લ -એ -શાયના નવમાં વાહિદનું સમાપન હશે. અમો પૂર્વ અને પશ્ચિમના બહાઈઓને, આ શુભ અવસરે એવી વ્યવસ્થા અપનાવવા આહ્વાન કરીએ છીએ જે બદી પંચાગના સાર્વજનિક અમલીકરણ દ્વારા તેમને એકતાના સુત્રમાં બાંધી દે.

દિવ્ય શિક્ષણોનું ક્રમિક અનાવરણ અને તેને પ્રગતિશીલ રીતે લાગુ કરવાના સિધ્ધાંતને ધ્યાનમાં રાખીને સમયાનુસાર બદી પંચાગની વ્યવસ્થાનો અમલ કરવામાં આવ્યો છે. બાબે આ પંચાગ અને તેના કાલ ચક્રો, મહિના અને દિવસોની વિસ્તૃત રૂપરેખા પ્રસ્તુત કરી હતી. બહાઉલ્લાહે તેમાં  આવશ્યક સ્પષ્ટિકરણો અને સુધારા-વધારા કર્યા હતા. અબ્દુલબહા દ્વારા તેના વિભિન્ન તત્વોની વ્યાખ્યા કરવામાં આવી હતી, અને 'બહાઈ વિશ્વ' નામના સંકલનોમાં વર્ણન કરવામાં આવ્યું છે તે મુજબ શોઘી એફેન્દીના નિર્દેશાનુંસાર પશ્ચિમમાં તેનો અમલ કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. હજુ પણ, કેટલીક ઈસ્લામિક અને ગ્રગોરિયન તારીખોમાં જોવા મળતી વિસંગતતા તથા ઐતિહાસિક ઉજવણીઓ, અને ખગોળીય ઘટનાઓની પવિત્ર લખાણોંના વિધાનો સાથે સંગતતા સ્થાપિત કરવામાં આવતી મુસ્કેલીઓને કારણે કેટલીક બાબતો અનુત્તરિત છોડી દેવામાં આવી હતી. પંચાગને લગતા પશ્નોનો પ્રતિભાવ આપતાં, અબ્દુલબહા અને શોઘી એફેન્દીએ આ બાબતો વિશ્વ ન્યાય મંદિર ઉપર છોડી દિધી હતી. પંચાગના ઉપયોગમાં એકરૂપતા લાવવા માટે, તેની ઘણી બાબતોમાંથી ત્રણ બાબતો અંગે સ્પષ્ટતા કરવાની આવશ્યકતા જણાય છે : નવરોઝના નિર્ધારણનો આધાર, જોડિયા પાવન જન્મજયંતિઓના ચંદ્ર આધારિત સ્વરૂપનો સૌર વર્ષમાં સમાયોજન તથા બદી પંચાગ અંતર્ગત પવિત્ર દિવસોની તિથીઓનું નિર્ધારણ.

બહાઉલ્લાહ તેમના  પરમ પાવન ગ્રંથમાં લખે છે : "જે દિવસે સુર્ય મેષ રાશિમાં પ્રવેશ કરે છે તે દિવસે નવરોઝ આવે છે, ભલે પછી તે પ્રવેશ સુર્યાસ્તના એક મિનિટ પહેલાં જ થયો હોય." આમછતાં, હમણાં સુંધી તેનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું ન હતું. અમોએ નિર્ણય કર્યો છે કે, આભા સૌંદર્યનું જન્મ સ્થળ, તહેરાન આ ધરતી પર તે નક્કી કરવાનું કેન્દ્ર હશે જે વિશ્વસનીય સુત્રો દ્વારા પ્રાપ્ત ખગોળીય ગણતરીને આધારે ઉત્તરીય ગોળાર્ધમાં વસંત સમાપનનો દિવસ હશે અને તે બહાઈ જગત માટે નવરોઝનો દિવસ હશે.

જોડિયા જન્મજયંતિ, એટલે કે બાબ અને બહાઉલ્લાહની જન્મજયંતિઓનો તહેવાર પૂર્વમાં પરંપરાગત રીતે ઈસ્લામિક પંચાગમાં મહોરમના પહેલા અને બીજા દિવસે મનાવવામાં આવે છે. બહાઉલ્લાહ પુષ્ટિ કરે છે કે, "પરમેશ્વરની નજરમાં આ બે દિવસોની એક દિવસ તરિકે ગણના કરવામાં આવી છે." પરંતુ ધર્મ-સંરક્ષક તરફથી લિખિત એક પત્રમાં કહેવામાં આવ્યું છે, "ભવિષ્યમાં બધા પવિત્ર દિવસો સૌર પંચાગ અનુસાર નક્કી થશે અને આ જોડિયા તહેવારોની વિશ્વભરમાં કેવી રીતે ઉજવણી કરવામાં આવશે તેની વ્યવસ્થા કરવામાં આવશે, તેમાં કોઈ શંકા નથી." આ પાવન દિવસોના ચંદ્ર આધારિત સ્વરૂપને કેવી રીતે

સૌર પંચાગમાં સમાયોજન કરવું, તે બાબત અનુત્તરિત હતી. અમોએ નિર્ણય કર્યો છે કે, નવરોઝ પછીના આઠમાં નવા ચાંદના પહેલા અને બીજા દિવસે તેની ઉજવણી કરવામાં આવશે, જે તહેરાનને આધાર કેન્દ્ર તરિકે લઈને ખગોળીય તિથી દ્વારા પહેલાંથી નક્કી કરી દેવામાં આવશે. તેનું પરિણામ એવું હશે કે, વર્ષમાં આ જોડિયા જનમજયંતિઓ બદી પંચાગના મશીયત, ઈલ્મ અને કુદરત મહિનામાં, મનાવવામાં આવશે, જે ગ્રેગોરિયન કેલેન્ડર મુજબ ઓકટોબર થી મધ્ય નવેમ્બર વચ્ચેના સમયમાં મનાવવામાં આવશે. આવતા વર્ષે બાબનો જન્મ દિવસ ૧૦ કુદરતે અને બહાઉલ્લાહનો જન્મ દિવસ ૧૧ કુદરતે આવશે. અત્યંત હર્ષ અને આતુરતાથી અમો બહાઈ વર્ષ ૧૭૪ અને ૧૭૬માં ક્રમાનુંસાર બહાઉલ્લાહ અને બાબની દ્વિશતાબ્દીક જન્મજયંતિઓની પ્રતિજ્ઞા કરી રહ્યા છીએ, જેની સમસ્ત બહાઈ જગત એક સમાન પંચાગ મુજબ ઉજવણી કરશે.

બાકીના પવિત્ર દિવસોની તિથીઓ સૌર પંચાગ અતંર્ગત બહાઉલ્લાહ, અબ્દુલબહા અને શોઘી એફેન્દીના સુસ્પષ્ટ વિધાનો અનુસાર નિર્ધારિત કરવામાં આવશે. આ તિથીઓ નીચે મુજબ છેઃ નવરોઝ -૧ બહા; રિઝવાનનો તહેવાર -૧૩ જલાલ થી ૫ જમાલ; બાબની ઘોષણાનો દિવસ -૮ અઝમત; બહાઉલ્લાહની પૂણ્યતિથી -૧૩ બહા; બાબની શહાદતનો દિવસ -૧૭ રહમત; સંવિદા દિવસ -૪ કોલ; અને અબ્દુલબહાની પુણ્યતિથી -૬ કોલ.

આ નવી વ્યયસ્થા દ્વારા રદ્દ કરવામાં નહિ આવે ત્યાંસુંધી, પંચાગ અને ઓગણીય દિવસીય સહભોજ તથા પવિત્ર દિવસોની ઉજવણીને લગતું પહેલાંનું માર્ગદર્શન અને સ્પષ્ટીકરણ યથાવત રહેશે, જેમકે,સુર્યાસ્ત પછી દિવસની શરૂઆત, કામ બંધ રાખવું અને એવી ઘડીઓ જ્યારે કેટલાક પવિત્ર દિવસોની ઉજવણી કરવામાં આવે છે. ભવિષ્યમાં, પરિસ્થિતી અનુસાર કેટલાક વધારાના પગલાં લેવાની જરૂર પડી શકે છે.

પ્રસ્તુત કરવામાં આવેલ નિર્ણયોથી સ્પષ્ટ થશે અને, પૂર્વ અને પશ્ચિમના બહાઈઓ નિહાળશે કે પંચાગના કેટલાક અંશો તેઓ હાલમાં જે પંચાગોનો ઉપયોગ કરવા ટેવાયેલા છે તેનાથી અલગ છે. નવરોઝની તિથીને આધારે અન્ય પંચાગોની અને બદી પંચાગની તિથીઓમાં ફેરફાર જોવા મળશે. આવનાર વર્ષોમાં વસંત સમાપનમા સમય અનુસાર આયામ-એ-હા ના દિવસોની સંખ્યા બદલાઈ જશે; નવરોઝ સાથે શરૂ થતા ૧૭૨માં બહાઈ વર્ષમાં એવા ચાર દિવસો હશે. આવનાર થોડા સમયમાં રાષ્ટ્રિય આધ્યાત્મિક સભાઓને વિશ્વ કેન્દ્ર ખાતે તૈયાર કરવામાં આવેલી સુચિ પુરી પાડવામાં આવશે જેમાં અરધી સદી માટે નવરોઝ અને જોડિયા પાવન જન્મજ્યંતિની તિથીઓ નિર્ધારિત કરવામાં આવશે.

દરેક યુગમાં એક નવા પંચાગનું અમલીકરણ એ દિવ્ય પ્રગટીકરણ દ્વારા ભૌતિક, સામાજિક અને આધ્યાત્મિક વાસ્તવિકતાની પુનઃરચના કરવાની શક્તિનું એક પ્રતિક છે. તેના દ્વારા, પવિત્ર ઘડીઓ વિશિષ્ટ બને છે, સમય અને અંતરિક્ષમાં માનવજાતિના સ્થાનની પુનઃકલ્પના કરવામાં આવે છે, અને જીવનના લયની પુનઃરચના થાય છે. આવનાર નવરોઝ 'બહા'ના લોકોની એકતાનું પ્રગટિકરણ અને બહાઉલ્લાહની વિશ્વ વ્યવસ્થાના વિકાસની દિશામાં એક ઐતિહાસિક ચરણ બની જશે.

વિશ્વ ન્યાય મંદિર

Gujarti translation 1.1 : 10-4-2015